## The Embodied Mother

*Q: Many times I find that old Sanskaras come up and disturb my faith in the Mother and her divinity. How is it possible to prevent it?*

A. It is only if you see the divinity of the Mother that there can be a settled conviction – that is a question of the inner consciousness and vision.

5 June, 1937

*

*Q: How to convince the mind that the Mother is divine and that her workings are not human?*

A. It is by opening up the psychic and letting it rule the mind and vital that this can be done – because the psychic knows and can see what the mind cannot...

**– Sri Aurobindo**

*__પ્રશ્ન:__ ઘણીવાર હું જોઉઁ છું કે જૂના સંસ્કારો ઊભરાઈ આવે છે અને તે શ્રી માતાજીમાં અને તેમની દિવ્યતામાં રહેલી મારી શ્રદ્ધાને ડગમગાવી દે છે, તેને કેવી રીતે રોકી શકાય?*

__ઉત્તર:__ તમે માત્ર શ્રી માતાજીની દિવ્યતાનાંજ દર્શન કરશો તો તમને સ્થાયી ખાતરી થશે – પરંતુ તે આંતરિક ચેતના અને દ્રષ્ટિનો પ્રશ્ન છે.

૫ જૂન, ૧૯૩૭

*

*__પ્રશ્ન:__ મનને કેવી રીતે સમજાવવું કે શ્રી માતાજી એ દિવ્ય મા ભગવતી છે અને તેમની કાર્યશૈલી માનવીય નથી?*

__ઉત્તર:__ ચૈત્ય પુરુષને ઉદ્દઘાટિત કરવાથી અને મન અને પ્રાણને તેના નિયંત્રણ હેઠળ મૂકવાથી આ શક્ય બની શકે છે – કારણકે ચૈત્ય પુરુષ જાણે છે અને જોઈ શકે છે જે મન કરી શકતું નથી.

**– શ્રી અરવિન્દ**

**©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.**
**FROM: SRI AUROBINDO KENDRA,**
**MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9**
**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2026**
**FEBRUARY**
૧ ફેબ્રુઆરી, ૨૦૨૬

### The Embodied Divine Mother…
### દેહધારી મા ભગવતી...

…

O Lord, my heart is purified of all uneasiness and anguish; it is steady and calm and sees Thee in all things; and whatever our outer actions may be, whatever the circumstances the future has in store for us, I know that Thou alone livest, that Thou alone art real in Thy immutable permanence and it is in Thee that we live. …

May there be peace upon all the earth.

**– The Mother**

February 21, 1914

…

હે પ્રભુ, મારું હૃદય કષ્ટ અને વેદનામાંથી વિશુદ્ધ બન્યું છે; એ સુદ્દઢ અને સ્વચ્છ છે, અને તને સર્વ ચીજોની અંદર નિહાળે છે; અને અમારાં બાહ્ય કાર્યો ભલે ગમે તે રીતનાં હોય, અમારે માટે ભવિષ્યના ભંડારમાં ભલે ગમે તે સંજોગો રહેલા હોય, પણ હું જાણું છું કે તું જ માત્ર એક જીવંત વસ્તુ છે, તારી અવિનાશી શાશ્વત અવસ્થામાં રહેલી તું જ માત્ર વાસ્તવિક વસ્તુ છે, અને અમારો નિવાસ તે તારામાં છે. …

સારીયે પૃથ્વી ઉપર શાંતિ હજો.

**– શ્રી માતાજી**

ફેબ્રુઆરી ૨૧, ૧૯૧૪

## The Embodied Mother

*Q: Am I right in Thinking that she as an individual embodies all the Divine Powers and brings down the Grace more and more to the physical plane, and her embodiment is a chance for the entire physical consciousness to change and be transformed?*

A. Yes. Her embodiment is a chance for the earth consciousness to receive the Supramental into it and to undergo first the transformation necessary for that to be possible. Afterwards there will be a further transformation by the Supramental, but the whole earth consciousness will not be supramentlised – there will be first a new race representing the Supermind, as man represents mind.

13 Aug. 1933

*

*Q: is there any difference between the Mother's manifestation and the descent of the Supramental?*

A. The Mother comes in order to bring down The Supramental and it is the descent which makes her full manifestation here possible.

23 September, 1935 – **Sri Aurobindo**

From: Sri Aurobindo's letters on The Mother and The Integral Yoga

## દેહધારી મા ભગવતી

*<u>પ્રશ્ન:</u> હું એમ સમજું છું કે, શ્રી માતાજી વ્યક્તિ તરીકે સર્વ દિવ્ય શક્તિઓને પોતાના શરીરમાં ધારણ કરે છે, અને તેના દ્વારા પૃથ્વીની ભૌતિક ભૂમિકામાં ભાગવત કૃપાને વધુ ને વધુ પ્રમાણમાં ઊતારી લાવે છે. તેઓનું શારીરિક અસ્તિત્વ સમગ્ર ભૌતિક ચેતના માટે પરિવર્તન અને રૂપાંતર માટેની તક પૂરી પડે છે. આ હું શું બરાબર સમજું છું?*

<u>ઉત્તર:</u> હા. તેમનું શારીરિક અસ્તિત્વ પાર્થિવ ચેતનાને પોતાની અંદર અતિમાનસિક પ્રકાશ ગ્રહણ કરવાની, અને તે શક્ય બને તે માટે જરૂરી પ્રાથમિક રૂપાંતરની પ્રક્રિયામાંથી પસાર થવાની એક તક પૂરી પાડે છે. ત્યાર પછી અતિમાનસિક ચેતના દ્વારા આગળનુ રૂપાંતર બની આવશે.

પરંતુ સમગ્ર પાર્થિવ ચેતનાનું અતિમાનસિક રૂપાંતર થાય તે પહેલાં 'અતિમનસ' ની પ્રતિનિધિ રૂપ નવી જાતિ આવશે જેમ કે, માનવ 'મન' (મનોમય ભૂમિકા) નો પ્રતિનિધિ છે, તેમ.

૧૩ ઓગસ્ટ, ૧૯૩૩

*

*<u>પ્રશ્ન:</u> મા ભગવતીનો આવિર્ભાવ અને અતિમનસ ચેતનાનું અવતરણ એ ઘટનાઓમાં કોઈ તફાવત છે?*

<u>ઉત્તર:</u> મા ભગવતી અતિમનસ ચેતનાના અવતરણ માટે અવતાર ધારણ કરે છે અને અતિમનસનું અવતરણ અહીં (પૃથ્વી પર) શ્રી માતાજીના પૂર્ણ આવિર્ભાવને શક્ય બનાવે છે.

૨૩ સપ્ટેમ્બર, ૧૯૩૫ – **શ્રી અરવિન્દ**

'શ્રી માતાજી અને પૂર્ણયોગ' ઉપર શ્રી અરવિન્દના પત્રોમાંથી